# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૪/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. **સેક્રેટરી**)

---

# ચેમ્બરમાં 'કોરોના બાદ કાપડ ઉદ્યોગ માટેની સ્થિતિ' વિશે મહત્વની પેનલ ડિસ્કશન યોજાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ધી ફેડરેશન ઓફ ઇન્ડિયન આર્ટ સિલ્ક વિવિંગ ઇન્ડસ્ટ્રી (ફિયાસ્વી), સિન્થેટીક એન્ડ આર્ટ સિલ્ક મિલ્સ એસોસીએશન (સાસ્મા–મુંબઇ) અને ધી સુરત આર્ટ સિલ્ક મેન્યુફેકચરર્સ એસોસીએશન (સાસ્કમા–સુરત)ના સંયુકત ઉપક્રમે સોમવાર, તા. ૨૪ મે, ૨૦૨૧ના રોજ 'કોરોના બાદ કાપડ ઉદ્યોગ માટેની સ્થિતિ' વિશે પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેનલિસ્ટ તરીકે એપ્પલ સાડી પ્રા.લિ.ના ડિરેકટર દીપક શેટાએ ગારમેન્ટ સેકટરના ભવિષ્ય વિશે, રાધે રાધે સાડી પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર કૈલાશ હકીમે રિટેલ કાપડ વ્યાપારના ભવિષ્ય વિશે, ઇગલ સિલ્ક મિલ્સ પ્રા.લિ.ના ડિરેકટર ધર્મેશ પટેલ અને ભીવંડીની બી.ટી.એમ.એ.ના સભ્ય સરોશ ફકીહે ટેકસટાઇલ વિવિંગના ભવિષ્ય વિશે તેમજ અગ્રવાલ ટેકસટાઇલ મિલ્સના ડિરેકટર બિનય અગ્રવાલે ટેકસટાઇલ પ્રોસેસિંગ અને પ્રિન્ટીંગના ભવિષ્ય વિશે મહત્વની ચર્ચા કરી હતી.

દીપક શેટાએ જણાવ્યું હતું કે, કોરોના પછી જો ઉદ્યોગ – ધંધાએ ઝડપી ગતિથી આગળ વધવું હશે તો માર્કેટમાં મિસીંગ પોઇન્ટ ઉપર ધ્યાન આપવું પડશે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટની વાત કરીએ તો સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી સૌથી મોટો મિસીંગ પોઇન્ટ છે. વિશ્વમાં ઝારા સહિતની સૌથી મોટી બ્રાન્ડને સુરત જ કપડું પૂરુ પાડે છે પરંતુ તેઓ રેડીમેડ ગારમેન્ટ બનાવીને વેચે છે. સુરતમાં પણ હવે

ગારમેન્ટનું કન્ઝમ્પ્શન વધી ગયું છે. સુરતમાં સૌથી ઓછી ગારમેન્ટ ફેકટરીઓ અને સેકન્ડ જનરેશન પણ આ ઇન્ડસ્ટ્રીમાં આવવા માટે તૈયાર થઇ છે. આવા સંજોગોમાં ફાઇનલ ગારમેન્ટ રેડી કરીને તેનું વેચાણ કરવા માટે સૌથી મોટો સ્કોપ છે અને તેનો લાભ સુરત લઇ શકે તેમ છે.

કૈલાશ હકીમે જણાવ્યું હતું કે, લોકડાઉન ખૂલ્યા બાદ માર્કેટ V શેપમાં ઉચું ગયું હતું ત્યારે આગામી એક–બે મહિનામાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીનો ગ્રોથ U શેપમાં જવાની શકયતા છે. અત્યારે લગ્નસરા ચાલી રહયા છે અને ત્યારબાદ રક્ષાબંધન તેમજ દેશના જુદા–જુદા રાજ્યોમાં વિવિધતા પ્રમાણે તહેવારો આવશે એટલે બિઝનેસ વધવાની શકયતા ઘણી છે. આથી સુરત માટે સેમી ટીચ ગારમેન્ટીગનો ઘણો મોટો સ્કોપ છે. કોરોનાના સમયમાં હવે ડિજીટલ માર્કેટીગથી વેપાર થઇ રહયો છે ત્યારે સ્ટોક અને પ્રોડકશનમાં સામંજસ્ય સ્થાપિત કરવું પડશે. જેથી ડેડ સ્ટોકથી મુકિત મળી શકે. ટ્રેડર્સ માટે પણ ડ્રેસ મટિરિયલ અને સ્કૂલ યુનિફોર્મ માટે ઘણો મોટો સ્કોપ છે. વિવર્સે પણ રેપીયરમાં ડેવલપમેન્ટ કર્યું છે અને તેની ડિમાન્ડ પણ વધી રહી છે.

ધર્મેશ પટેલે જણાવ્યું હતું કે, કોરોના મહામારીને કારણે લેબર વર્ગ પર નેગેટીવ અસર પડી છે. માદરે વતન ગયેલા લેબરમાંથી પથી ૧૦ ટકા લેબર વર્ગ પરત આવ્યું નથી. ભણેલા યુવાનોને હવે મશીન ચલાવવાની ઇચ્છા નથી. લોકોએ ખર્ચ ઘટાડીને બચત કરવાનું શરૂ કર્યું છે. જેથી ઇકોનોમિક કપડું બનાવવું પડશે અને ઇન્ડસ્ટ્રીને અપગ્રેડ કરવી પડશે. સેકન્ડ જનરેશનને પણ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે સ્ટડી કરી પ્રોજેકટ રિપોર્ટ બનાવવા તક આપવી પડશે. ત્યારબાદ જ ફોરવર્ડ ઇન્ટીગ્રેશન કરી શકાશે. સેકન્ડ જનરેશનને હવે વિવિંગ ઇન્ડસ્ટ્રીમાંથી ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવવું પડશે. કોરોના બાદ વિસ્કોસનો બિઝનેસ ગ્રો કરશે. પ્રિન્ટની ડિઝાઇન નેચર તરફ વધશે.

સરોશ ફકીહે જણાવ્યું હતું કે, દેશમાં પ૦ ટકા વસતિને વેકસીનેશન આપવામાં આવે તો ઇન્ડસ્ટ્રી ગ્રો કરી શકશે. વેકસીનેશન બાદ કોરોનાની થર્ડ વેવ આવવાની શકયતા ઘટી જશે. હાલ ડોમેસ્ટીક માર્કેટ રૂરલ બેઝ છે. બધી ઇન્ડસ્ટ્રીમાં એકસપોર્ટ માટે એફ.ડી.આઇ. જરૂરી છે. સરકારે ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે વ્યવસ્થિત પોલિસી બનાવી તેનું અમલીકરણ પણ વ્યવસ્થિત કરવું પડશે. મેન્યુફેકચરીંગ માટે ફોરેન કંપનીઓ સાથે ડયુઅલ પોલિસી ઉપર કામ કરવું પડશે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની સ્થિતિ વેકસીનેશન ઉપર ડિપેન્ડ કરે છે.

બિનય અગ્રવાલે જણાવ્યું હતું કે, કોરોનાના સેકન્ડ વેવમાં લેબર માઇગ્રેશન ઘટયું છે. કેમિકલ્સ અને કોલ એનર્જી પ્રાઇઝની સમસ્યા ભારતને ફેસ કરવી પડશે. ઇકોનોમી ગ્રો કરશે એટલે ઇન્ડસ્ટ્રી પણ ગ્રો કરશે. એના માટે ઇન્ડસ્ટ્રીએ ટેકનોલોજી ઉપર ઘ્યાન આપવું પડશે. ભારતમાં જ મશીનો બનાવવા પડશે ત્યારે પરિસ્થિતિ સુધરી શકશે. ઇન્ડસ્ટ્રી અને લેબર વચ્ચે સારા સંબંધ બનાવવા પડશે. વિવિંગ, રેપીયર, વોટરજેટ, એરજેટ, વોર્પનેટ એકસ્ટ્રા ઓર્ડિનરીમાં ડેવલપ થયા છે પણ પ્રોસેસિંગ ડેવલપ થયા નથી ત્યારે તેની ઉપર ઘ્યાન આપવું પડશે. એકસપોર્ટ માટે કવોલિટી ઉપર ઘ્યાન આપવું પડશે. સુરતમાં ટેકસટાઇલ કોલેજ/યુનિવર્સિટી સ્થાપિત કરવી પડશે. એનર્જી કન્ઝર્વેશન સેન્ટર, ટેકસટાઇલ પાર્ક અને સેન્ટર ફોર એકસીલન્સ ઉભા કરવા પડશે.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને પેનલ ડિસ્કશનના અંતે ટૂકમાં સાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નેશનલ ટેકસટાઇલ પોલિસી ઓવરડયુ છે, જે ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીને બુસ્ટ આપશે. પીએલઆઇ સ્કીમ રૂપિયા ર૦થી પ૦ કરોડ સુધીના એકમોને લાગુ કરવી જોઇએ. મેગા ટેકસટાઇલ પાર્ક માટે ચેમ્બરે અસરકારક રજૂઆત કરી છે. કોમન ફેસીલિટી સેન્ટર માટે પણ ચેમ્બર દ્વારા

ડિટેઇલમાં પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહયો છે. ઇન્ડસ્ટ્રીમાં લેબરની શોર્ટેજ રહેવાની છે તેને એસેટની જેમ માનીને ચાલવું પડશે. તેમના પ્રત્યે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવું પડશે.

ફિયાસ્વીના ચેરમેન ભરત ગાંધીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી ભારતમાં જ હતી. ત્યારબાદ એ યુરોપ, જાપાન, કોરીયા, તાઇવાન અને પછી ચાઇના ગઇ હતી. ચાઇના હવે ટેકસટાઇલમાં થાકી ગયું છે આ તકને ભારતની ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીએ ઝડપી લેવી પડશે. ટેકસટાઇલમાં તેજી આવનાર છે એવું વાતાવરણ જોવા મળી રહયું છે. અત્યારે ભારતની ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી માટે વિયેતનામ જ સ્પર્ધક છે. આથી એની સાથે સ્ટડી ગ્રો કેવી રીતે કરાય તે દિશામાં ઉદ્યોગકારોએ વિચારવું પડશે. રિટેલમાં બધું ચાલશે ત્યારે પરિસ્થિતિમાં સુધારો થશે.

સાસ્મા–મુંબઇના વાઇસ પ્રેસિડેન્ટ મિહીર મહેતાએ પણ પેનલ ડિસ્કશનમાં પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોરોના બાદ ટેકસટાઇલમાં યાર્ન, ફેબ્રિક અને ગારમેન્ટીગ જેવી સમગ્ર ચેઇનને પોઝીટીવ વાતાવરણ મળી શકશે.

પેનલ ડિસ્કશનમાં મોડરેટર તરીકે મનોજ ખન્નાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન હિમાંશુ બોડાવાલાએ પેનલ ડિસ્કશનમાં સવાલોનું સંચાલન કર્યું હતું અને અંતે તેમણે સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન પણ કર્યું હતું.